તબીબ બનવાની ઈચ્છા ધરાવતી વિદ્યાર્થિનીનો આપઘાત

ડિંડોલીની તન્નુ ઓઝા મેરી માતા સ્કૂલમાં ધો.12માં અભ્યાસ કરતી હતી

આપઘાત કરતાં પહેલા વડાપાંઉ ખાવાની ઇચ્છા વ્યક્ત કરી હતી

સુરતઃ ડોક્ટર બનવાનું સ્વપ્ન સેવતી ૧૮ વર્ષીય ધોરણ ૧૨ સાયન્સની વિદ્યાર્થિની તન્નુ ઓઝાએ શુક્રવારે વહેલી સવારે ઘરે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. બોર્ડની પરીક્ષા નજીક આવતાં અભ્યાસના અતિશય તણાવને કારણે તેણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું અનુમાન છે. પરિવારની એકની એક લાડકવાયી દીકરીના અકાળે મોતથી ઘરમાં માતમ છવાયો છે.

મળેલી વિગતો અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના પ્રતાપગઢના વતની અને હાલ ડિંડોલીના મહાદેવનગર વિભાગ-રમાં રહેતા રિક્ષાચાલક અજયભાઈ ઓઝાની ૧૮ વર્ષીય પુત્રી તન્નુએ ઘરમાં હૂકમાં દોરી બાંધીને ફાંસો ખાધો હતો. પરિવારજનોને બનાવની જાણ થતાં તુરંત નીચે ઉતારી ૧૦૮ એમ્બ્યુલન્સમાં નવી સિવિલ હોસ્પિટલ ખસેડી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

તન્નુ પાંડેસરા રોડ પર આવેલી મેરી માતા પબ્લિક સ્કૂલમાં ધોરણ ૧૨ સાયન્સ (બાયોલોજી) માં અભ્યાસ કરતી હતી. ડોક્ટર બનવાની મહેચ્છા હોવાથી તેણે બાયોલોજી પસંદ કર્યું હતું અને નિયમિત અભ્યાસ પણ કરતી હતી. આગામી ફેબ્રુઆરીના અંતમાં બોર્ડની પરીક્ષા શરૂ થવાની હોવાથી અભ્યાસના તણાવને કારણે તેણે આ પગલું ભર્યું હોવાની શક્યતા છે. જોકે, તપાસ બાદ જ સત્ય હકીકત સામે આવશે. પરિવારની એકમાત્ર દીકરી તન્નુના મોતથી રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા અજયભાઈનો પરિવાર શોકમાં ડૂબી ગયો છે

અજયભાઈએ જણાવ્યું કે, તન્નુનું કાલે રાત્રે ફોન આવ્યો અને તેણે કહ્યું કે, 'મારે આજે જમવાની ઈચ્છા નથી એટલે વડાપાંઉ લેતા આવજો એટલે હું તે લઈને આવ્યો હતો અને સાથે બેસીને જમ્યા પણ હતા'. ત્યારબાદ તે ભણવા માટે રૂમમાં ગઈ હતી. ત્યારે આ પગલું ભરી લીધું હતું. રિક્ષા ચલાવી તેનું ડોક્ટર બનવાનું સપનું પૂરું કરવા માટે મહેનત કરી રહ્યો હતો. બનાવને પગલે ડિંડોલી પોલીસે ઘટનાની તપાસ હાથ ધરી છે.

પડોશીએ જ દિયોરા દંપતીને રૂ. 20 લાખમાં નવડાવ્યું

ફોરેક્સ ટ્રેડિંગના ઊંચા વળતરની વાત કહી રોકાણ કરાવ્યું હતું

નફો તો નહીં મળ્યો પરંતુ રોકાણની મૂળ રકમ પણ ગુમાવવી પડી

સુરત શહેરમાં ફોરેક્સ ટ્રેડિંગમાં ઊંચા વળતરની લાલચ આપી લોકો પાસેથી મોટી રકમ ખંખેરવાના બનાવો વધતા જઈ રહ્યા છે.આવો જ એક વધુ કિસ્સો અમરોલી પોલીસ મથકમાં નોંધાયો છે, જેમાં દિયોરા દંપતીને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણના બહાને રૂ.20 લાખ ફસાવી આરોપીએ રકમ પરત ન આપતાં છેતરપિંડીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ બનાવની મળતી માહિતી અનુસાર મૂળ ભાવનગર જિલ્લાના વતની અને હાલ વરીયાવ નજીક રીવાન્ટા રીવરવ્યુમાં રહેતા પુર્વી હીરેનભાઈ દિયોરાના પતિ હીરેન દિયોરા કતારગામ વિસ્તારમાં હીરાની ઓફિસ ચલાવે છે. એપાર્ટમેન્ટમાં જ રહેતા ગૌતમ હરસુખ કમાણી સાથે તેમની ઓળખાણ હતી. દરમિયાન તેમણે દિયોરા દંપતિને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી ટૂંકા સમયમાં ઊંચું વળતર મળશે તેવી લાલચ આપી હતી. જુલાઈ 2024માં તે પૂર્વી દિયોરાના ઘરે આવ્યો હતો અને રોકાણના બહાને રોકડા રૂ.3 લાખ લઈ ગયો હતો.

ત્યારબાદ ફરી જુલાઈ 2025માં પુર્વીબેનના પતિ હીરેન દિયોરા પાસેથી રોકડા રૂ.16.20 લાખ મેળવી કુલ રૂ.20 લાખનું ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરાવ્યું હતું. જો કે, રોકાણના બે વર્ષ પછી પણ એક પણ રૂપિયો નફો ન મળ્યો હતો અને મૂળ રકમ પણ પરત મળી ન હતી. જેથી છેતરાયા હોવાની ખાતરી થતાં તેમણે હરસુખ કમાણી સામે અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

સાત વર્ષીય દીકરીને દીક્ષાનો વિવાદ, દંપતી ફરી એક થયું

સંતાનોની ભવિષ્યને ધ્યાનમાં રાખી સમાજ અને વકીલોની હાજરીમાં પતિ-પત્ની વચ્ચે સમાધાન

સમાજના વડીલો સાથેની બેઠકમાં પતિ-પત્ની સમાધાન માટે તૈયાર થયાં

ગઈકાલે ૦૧/૦૧/૨૦૨૬નાં રોજ જૈન સમાજનાં આગેવાનો, એડવોકેટ કેતન રેશમવાલા, વકીલ સ્વાતિબેન મહેતા અને દંપતીની બેઠક મળી હતી. તમામ વડીલો અને વકીલની સમજાવટ બાદ આ દંપતી બે બાળકનાં ભવિષ્યને ધ્યાનમાં રાખી સમાધાન માટે તૈયાર થયા હતા.

સુરતઃ સુરત શહેરમાં જૈન સમાજમાં ટોક ઓફ ધ ટાઉન બનેલા સાત વર્ષની દીકરીને દીક્ષા આપવાના કેસમાં આજે નવો વળાંક આવ્યો હતો. આજે ફેમિલી કોર્ટમાં દંપતી તરફથી સમાધાન કરાર રજૂ કરવામાં આવ્યો હતો. આ સમાધાન કરારમાં દંપતીએ સાથે રહેવાનો નિધાર કર્યો હોવાનું જણાવ્યું હતું.

બાળકીની દીક્ષા સંદર્ભે ચાલતાં વિવાદમાં વકીલો તથા સમાજનાં આગેવાનોની દરમ્યાનગીરીથી સુખદ અને સમાજલક્ષી સમાધાન થયું છે. ફેમિલી કોર્ટ સમક્ષ દીક્ષા અરજી તથા મુખ્યવાલી અરજી પણ પરત ખેંચી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ કેસની કોર્ટમાં સુનાવણી દરમિયાન માતા તરફે એડવોકેટ કેતન રેશમવાલા અને પતિનાં વકીલ સ્વાતિબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

ફેમિલી કોર્ટમાં સમાધાનનાં કરારની નકલ રજૂ કરવામાં આવી હતી. ફેમિલી કોર્ટને વિનંતી કરાઈ હતી કે બંને પક્ષ વચ્ચે ખાનગી રાહે સમાધાન થઈ ગયેલ છે અને બંને પક્ષ હવે પતિ-પત્ની તરીકે સાથે રહેનાર છે. દીક્ષા ઉપર સ્ટે બાબતેની જે વચગાળાની અરજી ફેમિલી કોર્ટ રૂબરૂ પેન્ડીંગ છે, તેનો સમાધાનનાં કરારની રૂએ નિકાલ કરવામાં આવે તો અરજદાર પિતાને વાંધો નથી, એવી બંને પક્ષ તરફથી રજૂઆતો કરાઈ હતી.

આ કેસમાં મૂળ અરજી સંદર્ભેની સુનાવણી આગામી તારીખ છઠ્ઠીએ રાખવામાં આવી છે.

ડિંડોલીમાં સ્તનપાન બાદ સૂતેલી 4 મહિનાની બાળકી જાગી જ નહીં

સુરતઃ ડિંડોલીમાં સ્તનપાન બાદ સૂતેલી 4 મહિનાની બાળકીનું મોત નીપજ્યું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની ગુરૂચંદ પાસવાન હાલ પંજાબ ખાતે પત્ની અંજુ અને એક પુત્રી સાથે રહે છે. ગુરૂચંદની પત્ની અંજુ ગર્ભવતી હતી. જેથી સુરતના ડીંડોલી વિસ્તારના ખોડિયારનગરમાં રહેતા તેના ભાઈ સુરજે તેણીને પ્રસૂતિ માટે સુરત બોલાવી હતી. પ્રસૂતિ બાદ અંજુએ સુનૈયા (4 મહિના)ને જન્મ આપ્યો હતો. શુક્રવારે વહેલી સવારે અંજુએ સુનૈયાને સ્તનપાન કરાવીને સુવડાવી દીધી હતી. ત્યારબાદ 9:30 વાગ્યાના સુમારે તેને ઉઠાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ઊઠી ન હતી.

વેલંજામાં વાહન અડફેટે યુવકનું મોત

સુરત : વેલંજા બસ સ્ટેન્ડ પાસે પગપાળા જતા યુવકને વાહન ચાલકે ટક્કર મારતાં મોત નિપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની બચાલાલ લાલમણી સરોજ (28 વર્ષ) હાલ સાયણ CNG પંપ પાસે આવેલા શિવાલય એપાર્ટમેન્ટમાં પત્ની તેમજ એક પુત્રી સાથે રહેતો હતો. તે વોટરજેટ ઓપરેટર હતો. ગુરુવારે સાંજે તે ઘર પાસે પગપાળા જઈ રહ્યો હતો. દરમિયાન વેલંજા બસ સ્ટેન્ડ પાસે વાહન ચાલકે તેને ટક્કર મારતા તેનું મોત થયું હતું. બચાલાલની પત્ની હાલ ગર્ભવતી છે.

ડિંડોલીના વૃદ્ધે ઝાડની ડાળીએ ફાંસો ખાઈ લીધો

સુરતઃ નવાગામ ડિંડોલીની હરિદ્વાર સોસાયટીમાં વિજય રમણભાઈ પટેલ (60 વર્ષ) એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને મજૂરી કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. છેલ્લા દસેક દિવસથી તેમની તબિયત ખરાબ હતી. જેથી કામ કરી શકતા ન હતા. દરમિયાન આર્થિક સંકડામણમાં તેમણે ઘર પાસેના ઝાડ સાથે કપડું બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

ભીમનગરના યુવાનનું અકસ્માતમાં મોત

સુરતઃ ઉધના ભીમનગર પાસેનો બ્રિજ ઉતરતી વખતે વાહન ચાલકે અડફેટે લેતા રૂદરપુરાના યુવકનું મોત થયું હતું. રૂદરપુરા હરાઈ એપાર્ટમેન્ટમાં શહેબાઝ ઝાકીર હુસૈન (23 વર્ષ) CCTV ફિટિંગનું કામ કરતો હતો. ગુરુવારે રાત્રે તે ડિંડોલીથી પરત આવી રહ્યો હતો ત્યારે ઉધના ભીમનગર બાજુ આવતા બ્રિજ પર અજાણ્યા વાહન ચાલકે તેની મોપડેને ટક્કર મારતા તેને હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં તેનું મોત થયું હતું.

સુરતને 'સ્લમ ફ્રી સિટી' બનાવવાની નેમ વચ્ચે

ગરીબ પરિવારોને વૈકલ્પિક આવાસ આપવા માંગ

અસલમ સાયકલવાલાએ મનપા કમિશનરને પત્ર લખ્યો

સુરત : સરકાર દ્વારા 70 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સુરતને પ્રથમ 'સ્લમ ફ્રી સિટી' બનાવવાની જાહેરાત કરવામાં આવી છે, જે અંતર્ગત પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ મનપા કમિશનરને પત્ર લખીને વર્ષોથી ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમિક પરિવારોને વિસ્થાપિત કરતા પહેલા યોગ્ય વૈકલ્પિક આવાસ આપવાની રજૂઆત કરી છે. પત્રમાં જણાવાયું છે કે અગાઉના દાયકાઓમાં અસરગ્રસ્તોને 12-12 કે 15-15 ના પ્લોટ અથવા વાંભે, EWS અને JNNURM યોજના હેઠળ રાહત દરે આવાસ આપવામાં આવતા હતા. જોકે, વર્ષ 2015 પછી સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્મિત મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનો આર્થિક રીતે અત્યંત નબળા શ્રમિક પરિવારોને પરવડી શકે તેમ નથી, જે સત્ય હકીકતને ધ્યાને રાખી માનવતાના ધોરણે ન્યાયિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

બીજી તરફ, લિંબાયત ઝોનમાં ટી.પી. 7 (આંજણા), ટી.પી. 8 (ઉમરવાડા) અને ટી.પી. 39 જેવા વિસ્તારોમાં સૌથી વધુ સ્લમ વસાહતો આવેલી છે, જ્યાં વિકાસના કાર્યો માટે હજારો પરિવારોને વિસ્થાપિત કરવામાં આવ્યા છે. સાયકલવાલાએ માંગ કરી છે કે અગાઉના નિયમ પ્રમાણે ગરીબોને રાહત આપવામાં આવે.

બે ભાઈ નેપાળ બોર્ડરથી ગાંજો લાવી સુરતમાં વેચતા હતા

ઉધના પોલીસે 2.50 લાખના 5 કિલો ગાંજો સાથે બે યુપીવાસી ભાઈની ધરપકડ કરી

સુરત : ઉધના પોલીસે મળેલી બાતમીના આધારે ભાઠેના વિસ્તારમાંથી બે યુપીવાસી ભાઈને 2.50 લાખ રૂપિયાના 5 કિલો ગાંજા સાથે ઝડપી પાડ્યા હતા. બંને આરોપી મંદીના કારણે દેવામાં ફસાઈ જતા ગેરકાયદે રીતે નેપાળ બોર્ડર નજીકથી ગાંજો લાવી સુરતમાં વેચવાની તૈયારીમાં હતા.

બે યુવકો નેપાળ બોર્ડર નજીક આવેલા સીતામઢી ગામથી ગાંજો લઈ સુરતના ભાઠેના વિસ્તારમાં વેચાણ માટે ફરી રહ્યા હોવાની બાતમીના આધારે પોલીસે ભાઠેના સાંઈનાથ સોસાયટી નં.3ની સામે એક એક્ટિવા પર જતા બે શકમંદ યુવકોને કોર્ડન કરી અટકાવવામાં આવ્યા હતા. તેમની તલાશી લેતા એક્ટિવાની ડિક્કીમાંથી રૂપિયા 2.50 લાખનો 5 કિલો ગાંજો મળી આવ્યો હતો.

આરોપીઓની પૂછપરછમાં તેમનું નામ મોહમ્મદ સદ્દામ હુસેન મોહમ્મદ નાસીર અહેમદ રાઈન (ઉં.વ.33) અને મોહમ્મદ નૂર હુસેન મોહમ્મદ નાસીર અહેમદ રાઈન (ઉં.વ.27) (રહે. પુષ્પા નગર, ભાઠેના, મૂળ નિવાસી બિહાર) હોવાનું જાણવા મળ્યું હતું. બંને સગા ભાઈ હોવાનું પણ બહાર આવ્યું છે.

આરોપીઓએ પોલીસને જણાવ્યું હતું કે અગાઉ તેમની સાથે સિલાઈ કામ કરતો અનાઉલ નામનો યુવક તેમને નેપાળ બોર્ડર નજીક આવેલા સીતામઢી ગામથી પ્રતિ કિલો રૂપિયા 25 હજારના ભાવે ગાંજો પૂરો પાડતો હતો. કામ-ધંધામાં નુકસાન અને દેવામાં ફસાઈ જતા તેમણે સુરતમાં બમણા ભાવે ગાંજો વેચી પૈસા કમાવાનું આયોજન કર્યું હતું. પોલીસે બંને બંધુઓ સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે, જ્યારે ગાંજો પૂરું પાડનાર સીતામઢીનો યુવક હાલ ફરાર હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓ પાસેથી 5 કિલો ગાંજો, એક એક્ટિવા મોપેડ, રૂપિયા 500 રોકડ અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 2.80 લાખની મત્તા કબજે લીધી છે.

સૌરાષ્ટ્ર પટેલ હોસ્ટેલને પેઈડ FSIની મુક્તિ આપો

'સમાજના નામે પદ મળ્યું, હવે સમાજ માટે અવાજ કેમ નથી ઉઠાવતા?: મેયરને વિપક્ષી નેતાનો સવાલ

સુરતઃ શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા વિદ્યાર્થીઓ માટે નિર્માણાધિન હોસ્ટેલ માટે 3 કરોડની FSI મુક્તિની માંગણી નકારાતા વિપક્ષી નેતા પાયલ સાકરિયાએ મેયર દક્ષેશ માવાણી પર આકરા પ્રહારો કર્યા છે.

પાયલ સાકરિયાએ મેયરને લખેલા પત્રમાં સીધો વાર કરતા જણાવ્યું છે કે, નાના દાનથી લઈને મોટા ઉદ્યોગપતિઓના સહકારથી બનતી આ હોસ્ટેલ માટે સરકારે પહેલા 3 કરોડની FSIની મુક્તિની ખાતરી આપી હતી, પરંતુ હવે સરકાર 'બહાના' કાઢીને હાથ અધ્ધર કરી રહી છે. સાકરિયાએ કટાક્ષ કર્યો કે, 3 લાખ કરોડનું બજેટ ધરાવતી સરકારને શું 3 કરોડની છૂટ આપવામાં નાનમ અનુભવાય છે? સૌથી વધુ ચટાકેદાર ટિપ્પણી મેયરના પદ વિશે કરવામાં આવી છે. સાકરિયાએ મેયરને આરસી બતાવતા કહ્યું કે, તમે જે પદ પર બેઠા છો તે સમાજને આભારી છે. સમાજના નામે પદ મળ્યું હોય તો હવે સમાજનું ઋણ ચૂકવવાનો સમય છે, હાથ પર હાથ ધરીને બેસવાનો નહીં.

આ પત્રમાં માત્ર હોસ્ટેલ જ નહીં, પણ સુરત ડાયમંડ એસોસિએશન (SDA)ને ફાળવેલી જમીનનો મુદ્દો પણ ઉછાળ્યો છે. 2022માં ઠરાવ થયો હોવા છતાં હજુ સુધી કબજો કેમ નથી સોંપાયો?

અમરોલીમાં સિટી બસ આગ, 25 જેટલા મુસાફરોનો બચાવ

આગની શરૂઆત થતાં જ મુસાફરો જીવ બચાવવા બસમાંથી ઊતરી ગયા, બસ સંપૂર્ણ સ્વાહા

સુરતઃ આજે સાંજે અમરોલી ચાર ખાતે તુલસી રેસ્ટોરેન્ટની સામે મુસાફરોથી ભરેલી એક સિટી બસ ભડભડ સળગવા લાગી હતી. જોતજોતામાં આખે આખી બસ આગની લપેટમાં આવીને સંપૂર્ણ ખાખ થઈ ગઈ હતી. સદનસીબે મુસાફરો તેમનો જીવ બચાવવા ફટાફટ બસમાંથી ઉતરી ગયા હતાં.

આજે સાંજે 7:30 કલાકે મુસાફરોથી ભરેલી મનપાની એક સિટી બસમાં આગ લાગી ગઈ હતી. બનાવની જાણ ફાયર કંટ્રોલને કરવામાં આવતા કોસાડ ફાયર સ્ટેશનનો કાફલો તુરંત ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર સબ ઓફિસર મારૂતી સોનવણેએ જણાવ્યું હતું કે, કોલ મળતાની સાથે જ તેમની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

બસ પહેલેથી જ આગની લપેટમાં આવી ગઈ હતી, જેથી ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને ગણતરીની મિનિટોમાં જ આગ ઉપર સંપુર્ણ કાબૂ મેળવી લીધો હતો. બસમાં 20થી 30 મુસાફરો હતાં, જેઓ જીવ બચાવવા માટે તુરંત બહાર નીકળી ગયા હતાં.બનાવમાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ ન હતી પરંતુ બસ સંપૂર્ણ પણે આગની લપેટમાં આવી જતાં ખાખ થઈ ગઈ હતી. બસનાં વાયરિંગમાં સ્પ્રાક થયાં બાદ આગની શરૂઆત થઈ હોવાનું ફાયર બ્રિગેડનાં સુત્રોએ જણાવ્યું હતું.

સૌહાદપૂર્ણ વાતાવરણમાં સમસ્યાનું નિરાકરણ લવાશેઃ ડિસ્ટ્રિક્ટ જજ

સુરત જિલ્લા વકીલ મંડળના નવા ચુંટાયેલા પદાધિકારી-કારોબારી સભ્યોએ પદભાર સંભાળ્યો

સુરતઃ બાર અને બેન્ચ વચ્ચે સૌહાદપૂર્ણ વાતાવરણ સાથે સમસ્યાનું નિષ્પક્ષ નિરાકરણ લાવવા સાથે પ્રયત્ન કરવામાં આવશે, તેવું આજે સુરત જિલ્લા વકીલ મંડળના નવા ચૂંટાયેલા પદાધિકારી-કારોબારી સભ્યના પદગ્રહણ વખતે પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજ ત્રિવેદીએ જણાવ્યું હતું.

આ તબક્કે તેમણે વિદાય લેતી ટીમ અને નવી ટીમને શુભેચ્છા પાઠવી હતી.

મરઘા કેન્દ્રવાળી જગ્યા માટે લડી લઇશું

પ્રમુખ તરીકે ચાર્જ સંભાળતા જ ઉદય પટેલે મરઘા કેન્દ્રવાળી જગ્યા માટે લડી લેવાનો રણટંકાર કર્યો હતો. આ સાથે હાલની કોર્ટ બિલ્ડિંગમાં પડતી પાર્કિંગ સહિતની વિવિધ સુવિધાઓના અભાવ મુદ્દે વાટાઘાટથી સમસ્યાનું નિરાકરણ લાવવા ખાતરી આપી હતી. ખાસ કરીને આ તબક્કે ઉદય પટેલે મહિલા વકીલોને કપડાં ચેન્જિંગ માટે પડતી અગવડતાનું તાકીદે નિરાકરણ લાવવા ટકોર કરી હતી.

પસંદગીના સભ્યોની જાહેરાત કરી પ્રમુખ ઉદય પટેલનો વિરોધીઓને તમાચો

સુરત જિલ્લા વકીલ મંડળના નવા ચૂંટાયેલા પ્રમુખ ઉદય પટેલે પદગ્રહણ સાથે જ ૨૧ કો-ઓપ્ટ સભ્યો અને ૩૬ એડવાઈઝરી કમિટીનાં સભ્યોની નિમણૂક કર્યાની જાહેરાત કરતા, આવી પસંદગીની નિમણૂક સામે વિરોધ કરનારા નવા સભ્યોને સણસણતો તમાચો પડ્યો હોય તેવો સિનારીયો સર્જાયો હતો. કો-ઓપ્ટ સભ્યોની નિમણૂકના સમર્થનમાં નિયમ અનુસાર નામો જાહેર કરવામાં આવ્યા હોવાનું કો-ઓપ્ટ સભ્ય ગગજીભાઈ ભરવાડે જણાવ્યું હતું. જો કે આ નિમણૂકનો વિરોધ કરનારા કારોબારી સભ્યો ભાવિન હિરપરા, ઉમેશ પંચાલ સહિતનાના જણાવ્યા મુજબ હાલ આ પદગ્રહણ સમારોહમાં પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ સહિતનાની હાજરી હોવાથી મૌન રાખ્યું હતું.